નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અક્ષર અમાસ થાય કે સ્વિચઓફ થઈ જવું;
ઝાંખો ઉજાસ થાય કે સ્વિચઓફ થઈ જવું.

સુવાક્ય સમ અગર બને કાવ્યપંક્તિ એક પણ-
સ્હેજે રકાસ થાય કે સ્વિચઓફ થઈ જવું.

શ્વાસો મળ્યા છે કોઈને જો કારણે વિના વિલંબ-
દુર્બળ ને દાસ થાય કે સ્વિચઓફ થઈ જવું.

લીલાશ ઓટી રોજ લીલાં ચ લાગતાં રહો;
સૂકું જો ઘાસ થાય કે સ્વિચઓફ થઈ જવું.

- ગુણવંત ઉપાધ્યાય

પાથેય

- રમેશ ઠક્કર

લખવાની વિવિધ શૈલી હતી..વિવિધ ઉપકરણો હતાં..સફેદ કાગળની એક દુનિયા હતી વિહરવા માટે..લીટીવાળા કાગળમાં શ્રુતલેખન લખવાની મજા આવતી..મોતીના દાણા જેવા અક્ષરો હોય એ વિદ્યાર્થી આપોઆપ સહુનો માનીતો બની જતો..આધુનિક શોધખોળોએ અક્ષરની આબોહવાને છિન્નભિન્ન કરી નાખી છે.

લાકડાની ફ્રેમવાળી નાનકડી સ્લેટમાં સફેદ માટીની પેનથી પ્રથમવખત જે શબ્દનું અવતરણ થતું એ કલમ નો ક.. અને છેલ્લે યજ્ઞ નો જ્ઞ..એક આકાર આપોઆપ ઉપસતો..ચોક અને ડસ્ટરના અસબાબ સાથે બ્લેકબોર્ડ ઉપર ચોકથી ચકાચૌંધ લખતા ગુરૂજી અજાયબ લાગતા..સીધાસટ કાનામાતર વગરના શબ્દો સુધીની સફર તો બધાની પાર પડી જતી પણ જ્યારે જોડાક્ષરો કે વિરામચિન્હો સાથેની વાક્યરચનાઓ શરૂ થતી ત્યારે પાણી મપાઇ જતું..એવું કહેવાય છે કે પાટીમાં પાડેલા પ્રથમ હસ્તાક્ષરો અમીટ બની જતા હોય છે..એ પછી લાખ કોશિશ કરો તો પણ એ બદલાતા નથી..!

આપણા પરિચયમાં સુંદર હસ્તાક્ષરોવાળી જે કોઇ વ્યકિત આવે છે એક અહોભાવ એના માટે આપોઆપ પ્રગટ થઈ જતો હોય છે.પોસ્ટકાર્ડ કે પરબિડીયામાં છટાદાર અક્ષરોમાં લાગણી ગૂંથાતી..ફાઉન્ટન પેનથી લખવાનો એક આગવો કસબ હતો..દરેક લખાણની આગવી છટા હતી..અલગ ધબકાર અનુભવાતો.એકધારા ફોન્ટ અને ટેરવાના યાંત્રિક સ્પર્શથી નિકળતા ફેક્ટરી પ્રોડક્ટ જેવા આજના શબ્દો એ બધાની આગળ ફિક્કા જ લાગે..!

આજે તો અક્ષર એ માણસની ઓળખાણ જ નથી રહી બાકી એક સમયે કોઇપણ વ્યકિત એના લખાણથી ઓળખાઇ જતી..માણસના અક્ષરોના વળાંક કે મરોડ ઉપરથી એના આખા વ્યકિતત્વની છબી ઉપસતી..દૂર બેઠા પણ તમે લખાણ જોઇ એ વ્યકિત કેવી હોઇ શકે એની કલ્પના કરી શકતા..મને લોકોના અક્ષરો જોવાનો રોમાંચ હંમેશાં રહ્યો છે. આજેપણ કોઇ મને લેખિત શબ્દો મોકલે તો એ માણસ મારા માટે વિશેષ હોય છે..એવું કહેવાય છે કે સુઘડ અક્ષરો એ કુદરતની દેન છે..પ્રાથમિક શાળામાં તમારો હાથ જે રીતે વળે એ મરોડ પછી આજીવન બદલાતો નથી..પડી પટોળે ભાત જેવો એ ઘાટ હોય છે..ગાંધીજીને એમના ખરાબ અક્ષરોનો વસવસો કાયમ રહેતો..એ માટે એ એમની પ્રાથમિક કેળવણીને જવાબદાર ગણતા..શરૂઆતમાં જ જો ચમચમ સોટી વાગી હોય તો ચમકદાર અક્ષરો આપોઆપ ઉપસતા હોય છે !

અક્ષર એ કુદરતી દેન જરૂર છે પણ હું માનું છું કે જો બરાબર મહેનત કરવામાં આવે તો ગમે તે ઉંમરે અક્ષર સુધારણા શક્ય છે..હવે તો લખવાની વાત જ આઉટડેટેડ છે..એમાં અક્ષરોની વિરાસત શોધવી અતીતરાગના આલાપ જેવું છે..આજેપણ મને મોકો મળે ત્યાં હું હાથથી લખવાનો જ પ્રયત્ન કરૂં છું..એકધારી રીતે સ્વચ્છ લખતા લોકો હંમેશાં આદરભાવ પ્રગટાવે છે..એવું નથી કે બહુ ભણેલો માણસ સારા અક્ષરો ધરાવતો હોય..એક સામાન્ય ગૃહિણી કે કારીગર એની ચબરખીમાં જે ટપકાવે છે એમાં પણ મોતીના દાણા વેરાતા હોય છે..માણસ બોલે ત્યારે જ પરખાઇ જાય છે એવું જ એ જ્યારે લખે છે ત્યારે પણ અનુભવાતું હોય છે..અક્ષરોની અજાયબ દુનિયા હવે લુપ્ત થવાના આરે છે ત્યારે હવે એને મનની ગેલેરીમાં સાચવી રાખવા સિવાય કોઇ વિકલ્પ રહેતો નથી.

લોકસેવક અને પૂર્વ મંત્રી જમુભાઈ ભટ્ટના જીવન ચરિત્રના આલેખન અને સમાજસેવાના એવોર્ડ સાથે બિપીન ભટ્ટનું પિતૃતર્પણ



આપણા લોકોની એક તકલીફ છે. વરસી પડીએ તેના પર વરસી પડીએ. કોઈ વ્યક્તિને આપણે મહાન બનાવી દઈએ અને પછી તેનાં એટલાં ગુણગાન ગાઈએ કે તેને ભગવાન જ બનાવી દઈએ. પ્રજામુગ્ધતાથી ઈતિહાસ ભરેલો છે. એ તો ઠીક છે. વિશ્વના દરેક દેશમાં આવી મુગ્ધતા અને વ્યક્તિ ભક્તિ જોવા મળે છે. એમાં એક મોટું નુકસાન થાય છે. એ નુકસાન એટલે કોઈક ગણતરીની કે ગણીગાંઠી વ્યક્તિઓનાં ગુણગાનમાં આપણે જેમણે ખરેખર સમાજ માટે નોંધપાત્ર અને સાચુંકલું કામ કર્યું હોય તેનું પ્રદાન ભૂલી જઈએ છીએ.

શાંતિથી, સ્વસ્થ મને અને તટસ્થપણે વિચાર કરીએ તો લાગે કે, ખરેખર એવાં અનેક નામો હશે જેના પ્રદાનને આપણે ભૂલી ગયા છીએ અથવા તો તેમના પ્રદાન તરફ આપણી નજર જ નથી ગઈ.

ગમે નહીં તેવી આ કડવી વાસ્તવિકતા છે. જોકે સુધારી શકાય તેવી આ ભૂલ કે ચૂક છે. હજી પણ મોડું નથી થયું. ઈતિહાસનાં વણખેડાયેલાં ક્ષેત્રોને ખોદીને, ખાંખતથી સંશોધન કરીને આવાં માનવરત્નોને શોધીને તેના વિશે લખાવું જોઈએ. તેનું યોગ્ય દસ્તાવેજીકરણ થવું જોઈએ જેથી સાચો, સમતોલ અને આખો ઈતિહાસ આપણી નજર સામે આવે.

ooooooooooooooooooooooooo

પહેલું કિરણ
રમેશ તન્ના

આવા જ એક સમાજસેવક અને સમાજનાયક હતા જમુભાઈ ભટ્ટ. તેમના સુપુત્ર બિપીનભાઈ ભટ્ટે ખૂબ જ ઊંડું અને ગહન સંશોધન કરીને તેમના પિતાનું જીવન ચરિત્ર લખ્યું. વિશ્વ માનવ અધિકાર દિવસે, ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ, જમુભાઈની કર્મભૂમિ મોડાસામાં આ જીવનચરિત્ર 'પુણ્યશ્લોક સમાજસેવક શ્રી જમુભાઈ ભટ્ટ'નું લોકાર્પણ થયું. તેમની સ્મૃતિમાં દર વર્ષે બે એવોર્ડ આપવાનું નક્કી કરાયું. અરવલ્લી જિલ્લામાં કાર્ય કરતી સંસ્થા અને વ્યક્તિને દર વર્ષે અગિયાર હજાર રૂપિયાની ધનરાશિ સાથેના એવોર્ડ અપાશે. પહેલા વર્ષે બાયડની જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ, તથા શ્રી જસુભાઈ મીઠાવાળાને એવોર્ડ એનાયત કરાયા.

કોણ હતા આ જમુભાઈ ભટ્ટ ? તેઓ અદના સમાજસેવક હતા. ગુજરાત સરકારમાં મંત્રી બનેલા. સહકારી પ્રવૃતિ, રચનાત્મક કાર્યો, મહાગુજરાતની લડત, રાજ્યોનું વિલીનીકરણ, જળસંચય, રોજગારી, કૃષિવિકાસ, ગ્રામોત્થાન વગેરે ક્ષેત્રે તેમણે માતબર પ્રદાન કરેલું. ઉત્તર ગુજરાતના કોઈ એક ગામમાં ખરેખર ગરીબ બ્રાહ્મણના ખોરડામાં જન્મેલું બાળક અનેક સંઘર્ષોમાંથી પસાર થયા પછી સમાજ માટે કેટલું મોટું કામ કરી શકે?

૧૯૨૭માં તેમનો જન્મ. પીપરાણા તેમનું વતન. પિતાનું નામ પૂંજાભાઈ અને માતાનું નામ પાર્વતીબહેન. પાલીબા સાથે પૂંજા દાદાનું બીજું લગ્ન થયું હતું. અગાઉના દીકરા જેઠાભાઈ અમદાવાદમાં રસોયા તરીકે કામ કરતા હતા. એ વખતે બ્રાહ્મણો ઉત્તમ રસોયા. ઉત્તર ગુજરાતના બ્રાહ્મણો મુંબઈમાં પણ શ્રેષ્ઠ રસોયા તરીકે વખણાયેલા. આઠ વર્ષનો જમુ અથવા જમનો મોસાળમાં મોટો થતો હતો. ખેતી હતી એટલે થોડોક નિભાવ થતો. જોકે, ખેતરો માલપુર સ્ટેટના રાજાને પાલીમાએ પાછા આપી દીધેલાં. કારણ? ખેતીની આવક આવે કે ના આવે નિયત લાગો (વિઘોટી અથવા તો કર) રાજ્યને ભરવો જ પડે. પતિના અવસાન પછી ખેતી કોણ કરે? ખેતીની ઉપજ ના આવે તો રાજ્યને લાગો કેવી રીતે ભરવો? જમુભાઈનાં માતા પાલીમાએ જમીન રાજ્યને પરત કરી દેવાનું નક્કી કર્યું. એ બે મોટાં ખેતર હતાં. પાલીમા જ્યારે રાજદરબારમાં ખેતરો પાછાં આપવા ગયા ત્યારે રાજાની સામે ગોઠવાયેલા નકશીકામવાળા મેજ ઉપર સવા રૂપિયાની માધુરી મૂકવામાં આવી હતી.

એમ કહો કે, આ માધુરી એટલે કોર્ટની ફી કે સ્ટેમ્પ. વળી એ વખતે રાજનો એવો રિવાજ હતો કે, જમીન જાતે જ ખેડવાની. બીજા કોઈને ખેડવા ના આપી શકાય.

આવી વિકટ અને કપરી સ્થિતિ. પાલીમા પીપરાણા પાછાં ફર્યાં. ત્રણ બાળકો. પીપરાણા ગામમાં મોભ, પાટડા, પીઢ, વડિયો અને વાંસની ખપાટોથી બનેલું ઘર. દીવાલો માટીની. આવી સ્થિતિમાં જમુભાઈનો ઉછેર થયો. એ વખતે પીપરાણા ગામમાં બ્રાહ્મણોનાં ૩૦ ઘર હતા. ગામ ઘણું સંપીલું હતું. આપત્તિઓ વચ્ચે લોકો હળીમળીને રહેતા હતા.

જમુભાઈ નાનપણથી જ બીજા કરતાં સાવ જુદા હતા. તેમની આંતરિક શક્તિ ખૂબ ઉચ્ચ સ્તરની હતી. સ્વભાવે પરગજુ અને ભણવામાં હોશિયાર. ગામમાં કોઈ પણ કામ સોંપે તો દોડીને કરે. પીપરાણા, પાંડરવાડા અને મેઘરજ એમ જુદા જુદા ગામોમાં તેઓ રહ્યા.

૧૨-૧૩ વર્ષે જમુભાઈમાં કેવી હિંમત હતી તેનો એક પ્રસંગ બિપીનભાઈએ લખ્યો છે. ગામમાં કોઈનો હાથ ભાગ્યો. એ જમાનામાં તો અમદાવાદ જવું પડે. કોઈએ કહ્યું કે, અમદાવાદની વીએસ હોસ્પિટલમાં દાખલ કરો. આ વાત ૧૯૪૦ની. દર્દીને લઈને અમદાવાદ કોણ જાય? ૧૨-૧૩ વર્ષનો જમુ કહે કે હું જઈશ. એક ટ્રક અને રેલવેની મદદથી જમુભાઈ દર્દીને લઈને અમદાવાદ આવ્યા. હોસ્પિટલમાં જઈને કેસ કઢાવ્યો. દાખલ કર્યા. ઓપરેશન પણ કરાવ્યું. જરૂરી દવાઓ પણ લાવી દીધી.

આવા સાહસિક હતા જમુભાઈ.

ગરીબીમાં તેઓ વિકસતા ગયા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ રાત્રે સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવી ઘોડા ઉપર બેસી કપડવંજની શેરીઓમાં ફરવાનું બહુમાન તેમને મળ્યું હતું. એ વખતે માલપુરના રાજા ભારતમાં જોડાવાની અવઢવમાં હતા. સ્થિતિ જેટલી પ્રવાહી હતી એટલી જ સ્ફોટક હતી. રાજાને સમજાવવાનું કામ જોખમ લઈને જમુભાઈ ભટ્ટે કરેલું. રાજાની સામે એ દિવસોમાં જવું એટલે સામેથી મોતને આમંત્રણ આપવું. જો કે, આ તો જમુભાઈ ભટ્ટ. છાતીવાળા. જીગરવાળા. બહાદુરી અને સાહસ તેમના સ્વભાવમાં. ગામ આખું અધ્ધર શ્વાસે જોતું રહેલું અને જમુભાઈ રાજાને મળવા અને સમજાવવા ગયેલા. તેમાં તેઓ સફળ થયેલા.

જમુભાઈનું સામાજિક પ્રદાન શું?

જમુભાઈએ અનેક ક્ષેત્રોમાં માતબર અને નોંધપાત્ર કહી શકાય તેવું પ્રદાન કર્યું હતું. તેઓ મોટા ગજાના સહકારી આગેવાન હતા. સહકારી મંડળીઓ અને સંસ્થાઓ સ્થાપીને અનેક ગામોનો વિકાસ કરવામાં તેમણે મોટું પ્રદાન આપ્યું હતું. ગામના સરપંચથી શરૂ કરીને ગુજરાત રાજ્યના નાયબ મંત્રી સુધીની સફર જમુભાઈ ભટ્ટે ખેડી હતી. લોકલ બોર્ડના સભ્ય હતા. માલપુરમાં હાઈસ્કૂલના સ્થાપક હતા. ઉત્તમ વક્તા હતા. તેમના મનમાં કાયમ લોકોનું ભલું કંઈ રીતે કરવું એ જ વિચાર આવ્યા કરતો હતો.

જમુભાઈ વિઝનરી હતા. તેઓ દૂરનું જોઈ શકતા હતા. કોઈ પણ સમસ્યાને મૂળમાંથી વિચારીને તેનો ઉકેલ લાવતા હતા. બીજા કોઈને વિચાર પણ ન આવે તે વિચાર જમુભાઈને આવે. તેમણે પીપલાણા ગામમાં કૂવો ખોદાવીને ગામને પાણીનું સુખ આપ્યું હતું. ભજન મંડળ દ્વારા સામાજિક ક્રાંતિ લાવી શકાય તે તેમણે સાબિત કર્યું હતું. ૨૫ વર્ષના થયા એ પહેલાં તો તેમણે શામળાજી ભજન મંડળ-યુવક મંડળની સ્થાપના કરી હતી. ૧૯૫૨માં તેઓ મોટરકાર લાવેલા. એ કાર ૧૦૮ જેવી થઈ ગઈ હતી. જેને જરૂર પડે તેનો તેઓ ઉપયોગ કરી શકે.

ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં આવ્યું એ પછી તેઓ તાલુકા પંચાયતના પહેલાં પ્રમુખ થયા હતા. તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તેમણે અનેક સમાજ ઉપયોગી કાર્યો કર્યા હતા.

૧૯૭૦થી ૮૦ના સમયગાળામાં મોડાસા નિવાસ વખતે તેમણે શાંતિ સમિતિની પણ આગેવાની લીધી હતી. કરફ્યૂ વખતે પૂરા આત્મવિશ્વાસથી તેઓ મુસ્લિમ વિસ્તારોમાં પણ ફરતા. કટોકટીનો પણ તેમણે વિરોધ અને સામનો કરેલો.

જમુભાઈ ભટ્ટે અનેક નવી નવી પ્રવૃત્તિઓ શરૂ કરેલી. તેને સફળતા મળતી એટલે એ જોવા અને સમજવા જિલ્લા અને રાજ્યભરમાંથી લોકો આવતા. ભિલોડાની બાજુમાં હાથમતી નદી ઉપર ડેમ બંધાતો હતો. ડેમ બંધાય એવી જમુભાઈની લાગણી, પણ પ્રાચીન ભવનાથ મહાદેવનું મંદિર બચી જાય એવી પણ ભાવના. એમણે એ કરી બતાવેલું. આજે હાથમતી ડેમ છલોછલ ભરાયેલું હોય તો પણ મંદિરને કશું થતું નથી. આવી તેમની દીર્ઘદૃષ્ટિ હતી.

મોડાસામાં રહેતા હતા ત્યારે તેમણે પોતાની ઓફિસ શરૂ કરેલી અને 'જય ગુર્જરી' નામનું સામાહિક પણ પ્રકાશિત કરેલું. એ વખતે એટલે કે, ૧૯૫૫માં તેનો ૨૦૦૦ જેટલો ફેલાવો હતો.

અનુસંધાન પાના નં. ૭ પર

પીડા કોઈ આંખમાં વંચાય છે, આંખ મારી પણ ત્યાં ભીની થાય છે!

ICU માં મારા મોં પર ઑક્સિજન માસ્ક છે.
હોલ્ટર સતત મારા હૃદયની ગતિવિધિ માપી રહ્યું છે.
બહાર સ્વજનો આપ્તજનો ચિંતાતુર ચહેરે બેઠાં છે.
મારી આંખો બંધ છે.
મારી ક્ષીણ થતી જતી ચેતનામાં
ઊંડે ઊંડે સળવળાટ થાય છે.
હોલ્ટરનો ગ્રાફ ઊંચો-નીચો થાય છે.
ડૉક્ટરના શબ્દો વારંવાર મારા માનસપટ પર પડઘાય છે.
"Careless, very very careless
careless about her own-self'
મારી આંખનો ખૂણો ભીજાય છે.
એક આંસુ ઝળૂબે છે.
મારું 'ઘાયલ' હૃદય ચિત્કારી ઊઠે છે.
તેં એક વાર, માત્ર એકવાર જ
જો મને કહ્યું હોત
કે હું કિંમતી છું, તારા માટે જરુરી છું.
તો હું careless ન રહી હોત
મારું હૃદય ઘવાયું ન હોત.
મેં મારી જાતને સાચવી હોત.
અનમોલ રતન માફક જાળવી હોત.
મારા ગાલ પર આંસુ અને
હોલ્ટરમાં ગ્રાફ સ્થિર થઈ જાય છે.
- સુચિતા કપૂર

શિયાળાની ઋતુ સ્વાસ્થ્ય માટે વરદાન સમાન ગણાય છે. પણ મોટા ભાગે આપણે ત્યાં મહિલાઓ ઘરના

સર્વેની કાળજી રાખવામાં પોતાની જાતને એટલી ઓતપ્રોત કરી દે છે કે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે એવો અહેસાસ એ પોતે જયારે પથારીમાં પટકાય ત્યારે જ એને થાય છે. કેટલાક ઘરોમાં મમ્મીઓ સવારે ઊઠે ત્યારથી જ શિયાળામાં બીટ, ગાજર, આંબળા, લીલી હળદર, વસાણા આ તમામ વસ્તુઓ ઘરનાને ખવડાવવામાં જ વ્યસ્ત હોય છે. મોટાભાગે ૪૦-૪૫ વર્ષની ઉંમર થતા-થતા સ્ત્રીઓને આર્થરાઈટીસ, થાઈરોઈડ અને અન્ય hormonal changes જેવી તકલીફો થવા લાગે છે. આ તમામ તકલીફોના મૂળમાં સ્ત્રીઓની પોતાના જ શરીર પ્રત્યે બેદરકાર રહેવાની ટેવ કારણ સ્વરુપ છે.

સ્ત્રીઓ અત્યંત સંવેદનશીલ હોય છે. અંદરથી ખૂબ દૃઢ મનોબળ ધરાવતી અને સક્ષમ વ્યક્તિત્વ ધરાવનાર આત્મવિશ્વાસથી છલોછલ ભરેલી સફળ સ્ત્રીઓ પણ એવી અપેક્ષા શા માટે રાખતી હશે કે તેના પોતાના શરીરનું મહત્ત્વ કે કાળજી તેના પરિવારજનો કે ઘરના સભ્યો કે ગમતી વ્યક્તિ દ્વારા લેવાય ? તેનામાં ઘરના તમામ કાર્યો કરવાની, ઑફિસમાં પ્રંશસનીય કામગીરી બજાવવાની અને બહારથી પોતાની જાતને Tip top અને beutiful રાખવાની આવડત છે. પણ અંદરથી તેને ઝંખના હોય છે તેનું મહત્ત્વ દર્શાવતી, તેની કાળજી લેતી અને તેના માટે ચિંતિત રહેતી એવી કોઈ વ્યક્તિની. સ્ત્રીનું હૃદય દરિયા જેવું વિશાળ હોય છે તે લાગણી અને વાત્સલ્યની મૂર્તિ હોવા છતાં તે પોતાની જાતને એટલી સીમિત બનાવી રાખે છે કે દરિયાના પાણીને એક ખોબામાં ભરીએ ત્યારે દરિયાના તમામ ગુણધર્મો એ ખોબામાં રહેલા પાણીમાં મોજુદ હોય છે. પણ નથી હોતી તેમાં દરિયાની વિશાળતા; તે સીમિત હોય છે માત્ર ખોબા પૂરતું ! આજના યુગની નારી ભલે ગમે તેટલી પ્રગતિ કરી ચૂકી હોય અને દરેક ક્ષેત્રમાં સફળ સાબિત થઈ ચૂકી હોય તેનું હૃદય આજે પણ એવું જ કોમળ હોય છે. તેની આસપાસની વ્યક્તિઓ, તેના પરિવારજનો કે તેના મિત્રો દ્વારા જો તેને સતત તેના અનમોલ હોવાની પ્રતીતિ કરાવવામાં આવે તો ચોક્કસ તેને તેનું મૂલ્ય હોસ્પિટલમાં ગયા પહેલાં સમજાશે. આપણે વર્ષ ૨૦૧૫ના અંતિમ ચરણમાં આવી પહોંચ્યા છીએ ત્યારે આવો, પરિવારની દરેક સ્ત્રીને તેના અનમોલ હોવાનો અહેસાસ કરાવીએ.

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

લાસ્ટ સીન :
પીડા કોઈ આંખમાં વંચાય છે,
આંખ મારી પણ ત્યાં ભીની થાય છે!
પ્રેમપુર્વક કાળજી ના લો અગર,
ફૂલ માફક હૈયું પણ મુરઝાય છે!

- હેમંત મદ્રાસી
- nehalgadhavi101@gmail.com

ચૂંટણી અને પેઈડ ન્યૂઝ આઈપીસીની કલમ-૧૭૧(એચ) મુજબ સજા પાત્ર ગુન્હો છે

તાજેતરમાં ચૂંટણીના ચક્વ્યુહમાં જોવા મળતા સમાચાર માધ્યમોમાં મળતા સમાચારો મતદારોને ચૂંટણીમાં મત આપવા નિયમોનું પાલન કરવું એ ફરજીયાત છે. સમાચારો શુભ અને શુધ્ધ હેતુલક્ષી જે મંતવ્યોથી તેમજ જાહેરખબરથી સંપૂર્ણ રીતે

બાબતની જાણકારી આપે છે. જે પૂર્વાગ્રહ રહિત મીડિયા હાઉસો દ્વારા છાપી અને પૂર્વગ્રરહિત માહિતીનું નિરૂપણ કરવું એ ચૂંટણીપંચના આદેશાત્મક અલગ હોવા જોઈએ તેમ છતાં દર્શકોને ઉમેદવાર વિશે સાચી માહિતી મળતી નથી. પેઈડ ન્યૂઝ એ વાચકો/ દર્શકોની આમ જાણકારી સાથે ચેડા કરી દર્શકોને ભ્રમમાં રાખવા માટે જ દર્શાવવામાં આવે છે, ગુમરાહ કરવામાં આવે છે. પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ પેઈડ ન્યૂઝની વ્યાખ્યા કરેલ છે, જે મુજબ રોકડ અથવા વસ્તુના અવેજમાં કોઈપણ માધ્યમમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક બંનેમાં સમાચાર અથવા પૃથ્વકરણ પ્રદર્શિત કરવું પેઈડ ન્યૂઝ એ અનેરસ છે જેનાથી ભ્રષ્ટ્રાચાર ફૂલેફાલે છે તથા લોકશાહિના પાયાને આ ચોથી જાગીર મારફત હચમચાવવાનું હિન કૃત્ય છે.

પેઈડ ન્યૂઝના દૂષણને ડામી લોકશાહિ જીવંત રાખવા માટે સંસદમાં સર્વપક્ષોએ સંમતી આપેલ છે, પરંતુ તેનું પાલન એક પણ રાજકિય પક્ષો કરતા નથી. પ્રેસ કાઉન્સીલમાં તથા ચૂંટણી આયોગમાં કચારેક જ આ પ્રકારની ફરિયાદો જનતા દ્વારા કરવામાં આવે છે. પેઈડ ન્યૂઝ મતદારોમાં અયોગ્ય પ્રભાવ જન્માવે છે અને તેઓના માહિતી અધિકારને પણ નુકશાન પહોંચાડે છે. પેઈડ ન્યૂઝનો ઉપયોગ કરી રાજકિય પક્ષો ચૂંટણી ખર્ચની મર્યાદાને તથા કાયદાને ઠાંકપીછોડો કરવા માટે ઉપયોગ કરાતું હાથવગુ હથીયાર છે.

પેઈડ ન્યૂઝમાં દૂષણને ડામવા માટે રાજય અને જીલ્લા કક્ષાાએ મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમીટી (એમ.સી.એમ.સી.)ની રચના કરવામાં આવે છે. આ કમિટીનું કામ મીડીયામાં ન્યૂઝના આંચળ હેઠળની રાજકિય જાહેર ખબર શોધી છણાવટ કરવાનું છે.

લોક પ્રતિનિધિના અધિનિયમ-૧૯૫૧ માં પ્રતિનિધિત્વમાં સુધારો કરવો, ન્યૂઝ પ્રકાશિત કરવા અને પ્રકાશનમાં મદદગારી બાબતે ઓછામાં ઓછી બે વર્ષની શિક્ષાપાત્ર ગુન્હો બને છે જે તે રાજકિય પક્ષ કે ઉમેદવાર પેઈડ ન્યૂઝ બાબતે ૪૮ કલાકની અંદર ખુલાશો કરવામાં ના આવે તો ૯૬ કલાકની અંદર નોડિસ પાઠવી ઉમેદવારના ખર્ચમાં ઉમેરી શકાય છે. ઉમેદવારની જાણ સભાધિકાર વગરની જાહેરાત હશે તો આઈપીસીની કલમ-૧૭૧(એચ) ના ભંગ બદલ પ્રકાશક સામે કાર્યવાહી કરવા માટે પગલા ભરવામાં આવશે.

જો કોઈ ચૂંટણીનું ચોપાનીયુ, પોસ્ટર, હેન્ડબીલ અને બીજા દસ્તાવેજો પર પ્રકાશનનું નામ અને સરનામું ધરાવતા ન હોય જે આઈપીએ ૧૯૫૧ કલમ-૧૨૭(એ) હેઠળ આવશ્યક હોય કસુરદાર વિરૂધ્ધ ચૂંટણી આયોગ પગલા ભરી શકે છે, જેમાં ઈ.સી.આઈ. નો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

જીલ્લા કલેટકારો દ્વારા મીડીયાના પ્રતિનિધિઓ, રાજકિય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજી જાહેરખબર અને પેઈડ ન્યૂઝ તથા તેના પરિણામો વિશે માહિતગાર કરવામાં આવે છે.

પેઈડ ન્યૂઝ કોને ગણવામાં આવે છે. દા.ત. પ્રતિસ્પર્ધી પ્રકાશનોમાં વિવિધ ફોટોગ્રાફ સહિત સામ્યતા ધરાવતા લેખો અને હેડલાઈનો જોવા મળવી. ચોકકસ ન્યૂઝ પેપરમાં એક જ પાના ઉપર પ્રતિસ્પર્ધી ઉમેદવારોનાવખાણ કરતા લેખો જેમાં દાવો કરવામાં આવ્યો હોય કે તે ચૂંટણીમાં વિજયી બનશે તેમજ ઉમેદવારને સમાજના દરેક વર્ગનો ટેકો છે તથા મતવિસ્તારમાં લોકલાડીલા છે તે વિજયી બનશે તેવા દાવા કરવામાં આવ્યા હોય અથવા તો ઉમેદવાર આ ચૂંટણીમાં તમામ રેકર્ડ તોડી ઈતિહાસ સર્જવા સમર્થ છે. ન્યૂઝ આઈટમની દરેક વાતમાં ઉમેદવારના વખાણ આવતા હોય તથા અન્ય રાજકિય પક્ષો કરતા સારૂં કાર્ય કરે છે તેમ જણાવેલ હોય ન્યૂઝ આઈટમની સાઈઝ ૧૨૫ થી ૧૫૦ શબ્દોથી લંબાણમાં ધરાવતી હોય એક જ ફોરમેટમાં, સાઈઝમાં લખાયેલ હોય, મલ્ટીપલ ફોન્ટ ટાઈપો પેપરના એકજ પાના ઉપર જોવા મળે તો તે લેઆઉટસ, ફોન્ટસ, પ્રિન્ટસ આઉટસ, ફોટોગ્રાફ ઉમેદવારે પુરા પાડેલ હોવાનું જ અનુમાન લગાવી શકાય અને પેઈડ ન્યૂઝ ગણવામાં આવે છે.

અત્યાર સુધીમાં ચૂંટણીઓમાં આવા અગણિત કિસ્સાઓમાં આયોગ દ્વારા નોટીસો પાઠવવામાં આવેલ છે. તેમજ આવા કિસ્સાઓ ધરાવતા રાજ્યોમાં પણ આવી નોટીસો પાઠવવામાં આવેલ છે. આયોગનો ઈરાદો આવી ફરિયાદ બાબતે શિક્ષાત્મક કરતા નિયારત્મક વધુ છે.

98254 50191,
www.trivediassociates.in